MANOGAT • Year 42 • Issue 14 • 25 October 2023 • Aaso Sud 11, Samvat 2079 • Yugabd 5125 • Price : Rs. 5/- • Pages : 28





# મનોગત

૩૧ ઑક્ટોબર : સરદાર પટેલ જયંતી



## આદિ કૈલાશના આશીર્વાદથી આપણે આપણા સંકલ્પોને ઝડપથી પૂર્ણ કરી શકીશું

## - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

**કલોલ સ્થિત ઇફકો ખાતે આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન ઓટોમેશન ટેકનોલોજીથી સજ્જ નેનો તરલ ડીએપીના નવનિર્મિત પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરતા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ**




# કોરોના પછી વૈશ્વિક બજારોમાં ફર્ટિલાઇઝરના ભાવ વધ્યા ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતો પર બોજો નથી નાખ્યો - શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે કલોલ સ્થિત ઈફકો ખાતે આધુનિક ઈન્ટ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન ઓટોમેશન ટેકનોલોજીથી સજ્જ રૂ.૩૦૦ કરોડના ખર્ચે નવનિર્મિત નેનો ડીએપી (તરલ) પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, દેશના ૬૦% જેટલા લોકો આજે કૃષિ આધારિત જીવનનિર્વાહ કરે છે. દેશની ૬૦% જેટલી ભૂમિ કૃષિલાયક છે ત્યારે વર્ષોથી ખેડૂત અને ખેતી બંનેની ભૂતકાળની સરકારો દ્વારા અવગણના થતી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર બની તે પહેલાં કોંગ્રેસના શાસનમાં વર્ષ ૨૦૧૩-૧૪માં ખેડૂતો માટેનું બજેટ રૂ.૨૨,૦૦૦ કરોડ હતું જે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૧ લાખ ૨૨ હજાર કરોડ કરાયું છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ખેડૂતોને રૂ.૭ લાખ કરોડની લોન અપાતી હતી, વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૯ લાખ કરોડની લોન અપાઈ છે, અન્ય પાકોને બાદ કરતાં ઘઉં અને ધાનનું ઉત્પાદન વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૨૨ મિલિયન ટન હતું જે વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૬૫ મિલિયન ટન થયું છે. ચોખાની એમએસપી રૂ.૧૩૧૦ થી રૂ.૨૨૦૩, ઘઉંની એમએસપી રૂ.૧૪૦૦ થી રૂ.૨૨૭૫, બાજરાની એમએસપી રૂ.૧૨૫૦ થી રૂ.૨૫૦૦ કરવાનું કાર્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, કોરોના મહામારી પછી વૈશ્વિક બજારોમાં ફર્ટિલાઈઝરના ભાવ વધ્યા ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતો પર બોજો નથી નાખ્યો. વર્ષ ૨૦૧૩-૧૪માં ખાતરની સબસિડી રૂ.૭૩,૦૦૦ કરોડ હતી જે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૨,૫૫,૬૦૦ કરોડ કરાઈ છે. ઈફકોએ નેનો તરલ યુરિયા અને નેનો તરલ ડીએપીની યાત્રાનું ડોક્યુમેન્ટેશન કરવું જોઈએ. ઈફકો દ્વારા નેનો તરલ યુરિયા અને નેનો તરલ ડીએપી માટે ૨૦ વર્ષની પેટન્ટ પણ રજિસ્ટર્ડ કરાઈ છે. નેનો ટેકનોલોજીથી છોડના પોષણમાં મોટું પરિવર્તન થશે. ઘન યુરિયા અને ઘન ડીએપીમાં યુટીલાઈઝેશન ૨૦ ટકા છે જ્યારે નેનો તરલ ડીએપી અને યુરિયામાં તે ૯૦ ટકા સુધી છે. નેનો તરલ યુરિયા અને નેનો તરલ ડીએપીના ઉપયોગથી વિવિધ પાક મુજબ ખર્ચામાં ૮ થી ૨૦% ની બચત થશે. તેમણે જણાવ્યું કે, ૧૦ વર્ષ પછી કૃષિ ક્ષેત્રમાં થયેલા સૌથી મોટા પ્રયોગોની યાદી બનશે ત્યારે ઈફકોનું નેનો તરલ યુરિયા અને નેનો તરલ ડીએપી તેમાંથી એક હશે. આજે યુરિયાનો ઉપયોગ ઘટાડી પ્રાકૃતિક ખેતી તરફ વળવાની સમયની જરૂરિયાત છે. નેનો યુરિયાનો છંટકાવ જમીન પર નથી થતો, તેનાથી અળસિયાંના મૃત્યુ થવાની સંભાવના પણ નથી ત્યારે પ્રાકૃતિક ખેતી માટે જમીનને તૈયાર કરવા માટે જોઈતા ૨ વર્ષના સમયગાળામાં નેનો ડીએપી ઉપયોગી થઈ શકે છે. ઈફકો અને પ્રાયમરી એગ્રિકલચર સોસાયટીઓ સંયુક્ત રીતે આ જવાબદારી લે તો આપણે ઝડપથી આપણી જમીનને પ્રાકૃતિક ખેતી માટે તૈયાર કરી શકીએ છીએ.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, ઘન યુરિયા અને ઘન ડીએપી માં રહેલ મેટલના ઝીણા પાર્ટ અનાજમાં પણ જોવા મળે છે પરંતુ નેનો તરલ ડીએપીમાં મેટલની માત્રા શૂન્ય છે. ઈફકોનો નેનો તરલ ડીએપી પ્લાન્ટ મેક ઈન ઈન્ડિયાનું ઉત્તમ ઉદાહરણ છે. ભૂતકાળમાં જ્યારે ઈફકોના પ્લાન્ટમાં પાણીની આવશ્યકતા હતી ત્યારે ઈફકોની ફેક્ટરી પ્રથમ હતી કે જ્યાં નર્મદાનું પાણી આપવાની શરૂઆત થઈ હતી. રૂ.૩૦૦ કરોડના રોકાણથી તૈયાર થયેલા આ પ્લાન્ટમાં ૬ કરોડ બોટલનું ઉત્પાદન થશે જેના ઉપયોગથી ખેડૂતોને સીધો ફાયદો થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સહકાર મંત્રાલયે બીજ સંરક્ષણ અને એગ્રીકલ્ચર એક્સપોર્ટ માટે બે કો-ઓપરેટિવ સંસ્થા બનાવી છે. આ બંને સંસ્થાને ઈફકો જેવી વિશ્વની પ્રથમ કક્ષાની સંસ્થા બનાવવા ઈફકો એ તેના અનુભવનો ઉપયોગ કરવો જોઈએ અને ક્રૉપ પેટર્ન ચેન્જિંગ પર ક્રાંતિ કરવા માટે આગળ આવવું જોઈએ. મંત્રાલય દ્વારા ૫૭ જેટલી પહેલ કરી ખેડૂતો માટે સહકારિતા જગતને જીવંત બનાવ્યું છે.



Year : 42, Issue : 14, Pages : 28



**તંત્રીસ્થાનેથી**

# ઈઝરાયલ અને પેલેસ્ટાઈન યુદ્ધ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

૭ ઑક્ટોબર ૨૦૨૩ના દિને પેલેસ્ટાઇનના ઇસ્લામિક ત્રાસવાદી સંગઠન હમાસે ઇઝરાયલ પર આતંકવાદી આક્રમણ કર્યું. આ આક્રમણમાં તેણે ૫,૦૦૦ રોકેટ છોડ્યાં અને ૨,૫૦૦ ત્રાસવાદીઓ ઇઝરાયલમાં ઘૂસી આવ્યા. તેમાં ઓછામાં ઓછા ૨૬૦ ઇઝરાયલીઓ માર્યા ગયા. આ બાબતે ઘટનાક્રમો એ છે કે -

(૧) સૌ પ્રથમ તો હમાસ એટલે કે પેલેસ્ટાઇનના આતંકવાદી મુસ્લિમ સંગઠને ઇઝરાયેલ ઉપર આતંકવાદી હુમલો કર્યો હતો. (૨) ઇઝરાયલે એનો મજબૂત વળતો જવાબ આપ્યો. (૩) કેટલાક દેશોએ વિશ્વના મુસ્લિમોને એક થવા આહ્‌વાન આપ્યું. (૪) આ બાબત એ બંને દેશોની આંતરિક બાબત છે ત્યારે વિશ્વના મુસ્લિમોએ જે વિચારવું જોઈએ તે એ છે કે -

- આતંકવાદી હુમલાનાં આશ્રયસ્થાનો કયા કયા દેશો છે ?
- કોઈ દેશ આતંકવાદીઓને મક્કમ જવાબ આપે તો એ દેશ સામે ધર્મયુદ્ધ કેમ જાહેર કરવામાં આવે છે?
- આવું કરીને શા માટે વિશ્વભરના મુસ્લિમોની લાગણી ઉશ્કેરવાનો પ્રયત્ન કરવામાં આવે છે ?
- આતંકવાદીઓ દ્વારા નિર્દોષ નાગરિકોનાં મૃત્યુ થાય ત્યારે માનવતાની વાતો આવી ઘટનાને ધર્મયુદ્ધ કહેનારો લોકો કે દેશો કેમ કરતા નથી હોતા ?

મિત્રો, આતંકવાદી ઘટનાઓ અને અને તેને પોષતા દેશો આવી ઘટનાને ધર્મ આધારિત મૂલવીને આતંકવાદી કૃત્યને પાછલા બારણે ટેકો આપે છે. માનવતાના નામે મુસ્લિમ ધર્મ ખતરામાં છે તેવી જેહાદ લગાવનારા આ લોકોનું દેશભક્ત બનવું અઘરું થઈ જાય છે. આપણા દેશના રાષ્ટ્રપ્રેમી મુસ્લિમોએ આ બાબતે જાહેરમાં સાચો મત રજૂ કરવાની હિંમત કેળવવી હવે અનિવાર્ય છે. કોંગ્રેસ દ્વારા અત્યાર સુધી તુષ્ટીકરણની રાજનીતિ કરીને આપણા દેશના મુસ્લિમોને આપણા દેશની મુખ્ય ધારામાં ભળવા જ દીધા નથી.

હું વ્યક્તિગત રીતે માનું છું કે વિશ્વના જે કોઈ પણ ખૂણામાં આતંકવાદી તત્ત્વો છે તેને નશ્યત કરવામાં તમામ દેશોએ સાથ અને સહકાર આપવો જોઈએ. આવું કરવાથી કેટલાક આતંકવાદીઓના કારણે સમગ્ર મુસ્લિમ સમાજને ગેરમાર્ગે દોરવાની જે આંતરરાષ્ટ્રીય ગતિવિધિઓ ચાલી રહી છે તે ચોક્કસપણે બંધ થશે. પ્રત્યેક રાષ્ટ્રના મુસ્લિમો જે તે રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં સાચા અર્થમાં જોડાઈ શકશે. નવી પેઢીને સાચી દિશા મળશે જેથી ધર્મથી પણ ઉપર રાષ્ટ્ર છે તે વિચાર સાચા અર્થમાં સાકાર થશે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# આજે હું આદિ કૈલાશનાં ચરણોમાં બેસીને આવ્યો છું



## તમારા વોટની તાકાત છે જ્યારે હું હાથ મિલાવું છુંને ત્યારે હું આંખ પણ બરાબર મિલાવું છું – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

**દેશે લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે 33 ટકા બેઠકો અનામત રાખવાનો એક બહુ મોટો ઐતિહાસિક નિર્ણય લીધો છે**

મારા પરિવારજનો, ન તો આ રસ્તા મારા માટે નવા છે અને ન તો આપ સૌ સાથીઓ નવા છો. ઉત્તરાખંડ સાથે પોતાનાપણાની લાગણી હંમેશા મારી સાથે રહે છે. અને હું જોઉં છું કે તમે પણ મારી સાથે એવા જ પોતીકાપણાના હકની સાથે, સમાન આત્મીયતા સાથે મારી સાથે જોડાયેલા રહો છો. ઉત્તરાખંડના ઘણા સાથી, દૂર-દૂરનાં ગામડાંમાંથી પણ મને પત્રો લખે છે. દરેક સારા અને ખરાબ સમયમાં સાથે ઊભા રહે છે. પરિવારમાં નવા મહેમાનનો જન્મ થાય તો પણ તેઓ મને સમાચાર મોકલે છે. દીકરી ભણવામાં ક્યાંક આગળ વધી હોય તો પણ પત્ર લખે છે. એટલે કે હું સમગ્ર ઉત્તરાખંડ પરિવારનો સભ્ય છું એવી રીતે ઉત્તરાખંડ મારી સાથે જોડાઈ ગયું છે.

જ્યારે દેશ કંઈક મોટી ઉપલબ્ધિ હાંસલ કરે છે ત્યારે પણ તમે ખુશી વહેંચો છો. જો તમને સુધારણા માટે કોઈ અવકાશ દેખાય છે, તો તમે મને તે પણ જણાવવામાં પાછળ રહેતા નથી. તાજેતરમાં જ દેશે લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે 33 ટકા બેઠકો અનામત રાખવાનો એક બહુ મોટો ઐતિહાસિક નિર્ણય લીધો છે. જે કામ 30-30, 40-40 વર્ષથી લટકી રહ્યું હતું તે માતાઓ અને બહેનો, તમારા આશીર્વાદથી આ તમારો ભાઈ, આપનો દીકરો કરી શક્યો છે. અને મજા તો જુઓ, એ દરમિયાન પણ અહીંની બહેનોએ મને ઘણા પત્રો મોકલ્યા છે.

**દરેક ભારતીય વિચારતો હતો કે હજારો કરોડનાં કૌભાંડોથી દેશને મુક્તિ મળે. સૌની ઇચ્છા હતી કે ભારતની ખ્યાતિ વધે**

મારા પરિવારજનો, આપ સૌના આશીર્વાદથી આજે ભારત વિકાસની નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં ભારત અને ભારતીયોનું ગૌરવગાન થઈ રહ્યું છે ને, ભારતનો ડંકો આખી દુનિયામાં વાગી રહ્યો છે ને? એક સમય એવો હતો જ્યારે ચારે તરફ નિરાશાનું વાતાવરણ હતું. એવું લાગતું હતું કે જાણે આખો દેશ નિરાશામાં ડૂબી ગયો હતો. તે સમયે આપણે લોકો મંદિરમાં જઈને એ જ કામના કરતા હતા કે ભારત વહેલામાં વહેલી તકે મુશ્કેલીઓમાંથી બહાર આવે. દરેક ભારતીય વિચારતો હતો કે હજારો કરોડનાં કૌભાંડોથી દેશને મુક્તિ મળે. સૌની ઇચ્છા હતી કે ભારતની ખ્યાતિ વધે.



## G-20નું આટલું મોટું શાનદાર આયોજન થયું દુનિયાએ આપણા ભારતીયોની તાકાતને ઓળખી

આજે જુઓ, પડકારોથી ઘેરાયેલી આ દુનિયામાં, તમે દુનિયાની સ્થિતિ જોઈ રહ્યા છો, પડકારોથી ઘેરાયેલી દુનિયામાં ભારતનો અવાજ કેટલો બુલંદ બની રહ્યો છે. હમણાં થોડાં અઠવાડિયાં પહેલા જ G-20નું આટલું મોટું શાનદાર આયોજન થયું. તેમાં પણ તમે જોયું કે કેવી રીતે દુનિયાએ આપણા ભારતીયોની તાકાતને ઓળખી છે. તમે મને કહો, જ્યારે દુનિયા ભારતનાં ગુણગાન ગાય છે, જ્યારે ભારતનો ડંકો દુનિયામાં વાગે છે, ત્યારે તમે કહેશો, જવાબ આપશો? હું પૂછું, જવાબ આપશો? જ્યારે દુનિયામાં ભારતનું નામ વધે ત્યારે તમને સારું લાગે છે? પૂરી તાકાતથી મને કહો, તમને તે સારું લાગે છે? જ્યારે ભારત વિશ્વને દિશા બતાવે છે ત્યારે તમને તે ગમે છે?

## તમારા વોટની તાકાત છે જ્યારે હું હાથ મિલાવું છું ને ત્યારે હું બરાબર આંખ પણ મિલાવું છું

આ બધું કોણે કર્યું છે? આ મોદીએ નથી કર્યું, આ બધું આપ અને મારા પરિવારજનોએ કર્યું છે, આનો યશ આપ સૌ જનતા જનાર્દનને જાય છે. કેમ? યાદ રાખો શા માટે? કારણ કે 30 વર્ષ પછી તમે દિલ્હીમાં સ્થિર અને મજબૂત સરકાર બનાવીને મને તમારી સેવા કરવાની તક આપી છે. તમારા વોટની તાકાત છે, જ્યારે હું

## બાબા કેદારના આશીર્વાદથી કેદારનાથ ધામના પુનઃનિર્માણ સંબંધિત પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે ચાર ધામ યાત્રા માટે આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યા 50 લાખની આસપાસ પહોંચી

ઉત્તરાખંડમાં તો ગામેગામ ગંગા છે, ગંગોત્રી છે. અહીંનાં હિમશિખરોમાં શિવજી અને નંદી બિરાજે છે. ઉત્તરાખંડના મેળા, કૌથિગ, થૌલ, ગીત-સંગીત અને ખાન-પાન પોતાની આગવી ઓળખ ધરાવે છે. આ ભૂમિ પાંડવ નૃત્ય, છોલિયા નૃત્ય, માંગલ ગીત, ફુલદેઈ, હરેલા, બગવાલ અને રમ્માણ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોથી સમૃદ્ધ છે. લોકજીવનનો સ્વાદ રોટ, અરસે, ઝંગોરે કી ખીર, કફલી, પકોડા, રાયતા, અલમોડાની બાલ મીઠાઈ, સિંગોરી...એનો સ્વાદ કોણ ભૂલી શકે છે. અને આ જે કાલી ગંગાની ભૂમિ છે, એ ભૂમિ સાથે તો મારો ઘણો સંબંધ પણ રહ્યો છે. અહીં ચંપાવત સ્થિત અદ્વૈત આશ્રમ પણ, એની સાથે પણ મારો ઊંડો સંબંધ રહ્યો છે. એ મારા જીવનનો એક સમયગાળો હતો.

ઉત્તરાખંડમાં પર્યટન અને તીર્થયાત્રાના વિકાસ સાથે જોડાયેલા ડબલ એન્જિન સરકારના પ્રયાસો હવે રંગ લાવી રહ્યા છે. આ વર્ષે ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા માટે આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યા 50 લાખની આસપાસ પહોંચી રહી છે, તમામ રેકોર્ડ તૂટી ગયા છે. બાબા કેદારના આશીર્વાદથી કેદારનાથ ધામના પુનઃનિર્માણ સંબંધિત પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે. શ્રી બદ્રીનાથ ધામમાં પણ કરોડો રૂપિયાના ખર્ચે અનેક કામો થઈ રહ્યાં છે. કેદારનાથ ધામ અને શ્રી હેમકુંડ સાહિબમાં રોપ-વેનું કામ પૂર્ણ થતાં જ દિવ્યાંગ અને વૃદ્ધ યાત્રિકોને ઘણી સગવડ મળવાની છે. અમારી સરકાર, કેદારખંડની સાથે સાથે અને તેથી જ હું આજે અહીં આવ્યો છું, મારે માનસખંડને પણ એ ઉંચાઈ પર લઈ જવાનું છે. અમે કેદારખંડ અને માનસખંડની કનેક્ટિવિટી પર પણ ખૂબ ભાર આપી રહ્યા છીએ. કેદારનાથ અને બદ્રીનાથ ધામ જનારા લોકો પણ સરળતાથી જાગેશ્વર ધામ, આદિ કૈલાશ અને ઓમ પર્વતની મુલાકાત લઈ શકે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજે જે આ માનસખંડ મંદિર માલા મિશન શરૂ થયું છે, એનાથી પણ કુમાઉનાં ઘણાં મંદિરો સુધી આવવા-જવાનું સરળ બનશે.

મારો અનુભવ કહે છે કે બદ્રીનાથ અને કેદારનાથ આવનારા લોકો ભવિષ્યમાં ચોક્કસ અહીં આવશે. તેઓ આ વિસ્તારને જાણતા નથી. અને આજે જ્યારે લોકો ટીવી પર વીડિયો જોશે ને કે મોદી આંટો મારી આવ્યા છે, ત્યારે તમે જોઈ લેજો અને બધાને કહેશે યાર કંઈક તો હશે, અને તમે તૈયારી કરો, યાત્રાળુઓની સંખ્યા વધવાની છે, મારું માનસખંડ ધમધમવાનું છે.



દુનિયાના મોટા-મોટા લોકો સાથે હાથ મિલાવું છું ને, ત્યારે તમે જોયું હશે કે ભલ-ભલા સાથે મુકાબલો થઈ રહ્યો છે. પરંતુ જ્યારે હું હાથ મિલાવું છુંને ત્યારે હું બરાબર આંખ પણ મિલાવું છું. અને જ્યારે તેઓ મારી તરફ જુએ છેને ત્યારે તેઓ મને જોતા નથી, તેઓ 140 કરોડ ભારતીયોને જુએ છે.

## 5 વર્ષમાં જ દેશના 13.5 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા

મારા પરિવારજનો, દૂર-દૂરના પહાડોમાં અને દેશના ખૂણે-ખૂણે રહેતા લોકોની પણ અમે ચિંતા કરી છે. તેથી માત્ર 5 વર્ષમાં જ દેશના 13.5 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા. સાડા તેર કરોડ લોકો, આ આંકડો યાદ રાખશો? પાંચ વર્ષમાં 13.5 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા એ બાબત પોતે જ દુનિયા માટે આશ્ચર્યજનક છે. કોણ છે આ 13.5 કરોડ લોકો? આમાંના ઘણા લોકો, તમારા જેવા, પર્વતોમાં રહેનારા, દૂરના વિસ્તારોમાં રહે છે. આ 13.5 કરોડ લોકો એ વાતનું ઉદાહરણ છે કે ભારત તેની ગરીબી દૂર કરી શકે છે.

## ભારતે તેનું ચંદ્રયાન જ્યાં ગયું છે તે સ્થાનનું નામ શિવ-શક્તિ રાખ્યું છે

સાથીઓ, અગાઉ નારા અપાતા હતા ગરીબી હટાવો. મતલબ આપ હટાવો, તેમણે કહી દીધું ગરીબી હટાવો. મોદી કહી રહ્યા છે કે આપણે સાથે મળીને ગરીબી દૂર કરતા રહીશું. આપણે (35.54) જવાબદારી લઈએ છીએ અને ખંતથી જોડાઈ જઈએ છીએ. આજે આપણો ત્રિરંગો દરેક ક્ષેત્ર, દરેક મેદાનમાં ઊંચો અને ઊંચો લહેરાઈ રહ્યો છે. આપણું ચંદ્રયાન, આ ચંદ્રયાન ત્યાં પહોંચ્યું છે જ્યાં દુનિયાનો કોઈ પણ દેશ પહોંચી શક્યો નથી.અને ભારતે તેનું ચંદ્રયાન જ્યાં ગયું છે તે સ્થાનનું નામ શિવ-શક્તિ રાખ્યું છે. મારા ઉત્તરાખંડના લોકો, તમે શિવ-શક્તિના વિચારથી ખુશ છો કે નહીં? તમારું મન આનંદિત થઈ ગયું કે નહીં? એટલે કે મારા ઉત્તરાખંડની ઓળખ ત્યાં પણ પહોંચી ગઈ. શિવ અને શક્તિના આ સમન્વયનો અર્થ શું થાય છે તે ઉત્તરાખંડમાં આપણને શીખવવાની જરૂર નથી, તે અહીં ડગલે ને પગલે સાક્ષાત્ દેખાય છે.

## પ્રથમ વખત ભારતીય ખેલાડીઓએ સદી ફટકારી અને 100થી વધુ મેડલ્સ જીતવાનો રેકોર્ડ બનાવ્યો

સાથીઓ, આજે દુનિયા માત્ર અંતરિક્ષમાં જ નહીં પરંતુ રમતગમતમાં પણ ભારતની તાકાત જોઈ રહી છે. તાજેતરમાં એશિયન ગેમ્સ સમાપ્ત થઈ છે. આમાં ભારતે ઈતિહાસના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. પ્રથમ વખત ભારતીય ખેલાડીઓએ સદી ફટકારી અને 100થી વધુ મેડલ્સ જીતવાનો રેકોર્ડ બનાવ્યો. અને તમે જરા જોરથી તાળીઓ પાડો, ઉત્તરાખંડનાં પણ 8 દીકરા-દીકરીઓ એશિયન ગેમ્સમાં પોતાનું કૌશલ્ય બતાવવા ગયા હતા. અને આમાં આપણી લક્ષ્ય સેનની ટીમે પણ મેડલ જીત્યો અને વંદના કટારિયાની હૉકી ટીમે પણ દેશને શાનદાર મેડલ અપાવ્યો. શું આપણે એક કામ કરીશું, ઉત્તરાખંડનાં આ બાળકોએ કમાલ કરી બતાવી છે, તમારો મોબાઈલ ફોન બહાર કાઢો, મોબાઇલ કાઢીને તેની ફ્લેશ ચાલુ કરો. અને તમારી ફ્લેશલાઇટનો ઉપયોગ કરીને આ તમામ ખેલાડીઓને અભિનંદન આપો. સૌ પોતપોતાનો મોબાઈલ ફોન કાઢો અને ફ્લેશલાઇટ કરીને, શાબાશ. આ આપણા ઉત્તરાખંડના બાળકોનું અભિવાદન છે, આપણા ખેલાડીઓનું અભિવાદન છે. હું ફરી એકવાર દેવભૂમિનાં મારાં આ યુવાન દીકરા-દીકરીઓને, આ ખેલાડીઓને ફરીથી મારાં અભિનંદન આપું છું. અને તમે પણ આજે નવો રંગ ઉમેર્યો.

## ભારતના ખેલાડીઓ દેશ અને દુનિયામાં દેશનો ઝંડો લહેરાવે

સાથીઓ, બેસો, હું તમારો ખૂબ આભારી છું. ભારતના ખેલાડીઓ દેશ અને દુનિયામાં પોતાનો ઝંડો લહેરાવે એ માટે સરકાર ખેલાડીઓની સંપૂર્ણ મદદ કરી રહી છે. ખેલાડીઓની ખાણી-પીણીથી લઈને આધુનિક ટ્રેનિંગ સુધી, સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે. આ વાત તો સાચી છે પણ તેનાથી ઊલટું પણ થઈ રહ્યું છે. સરકાર તો કરી રહી છે પરંતુ લક્ષનો જે પરિવાર છે ને તે લક્ષ જ્યારે પણ જીતે છે ત્યારે હંમેશા મારા માટે આપની બાલ મીઠાઈ લાવે છે. ખેલાડીઓને ખૂબ દૂર સુધી જવું નહીં પડે તે માટે સરકાર વિવિધ સ્થળોએ રમતનાં મેદાનો પણ બનાવી રહી છે.આજે જ હલ્દવાનીમાં હૉકી ગ્રાઉન્ડ અને રૂદ્રપુરમાં વેલોડ્રોમ સ્ટેડિયમનો પણ શિલાન્યાસ કરવામાં આવ્યો છે. તાળી પાડો મારા નવયુવાનો, તમારું કામ થઈ રહ્યું છે. મારા ઉત્તરાખંડના યુવાનોને તેનો લાભ મળશે. હું



ધામીજી અને તેમની સમગ્ર ટીમને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું, ખૂબ ખૂબ શુભકામનાઓ પણ આપીશ જેઓ ઉત્સાહપૂર્વક રાષ્ટ્રીય રમતોની તૈયારી કરી રહ્યા છે. તમને અને તમારી સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન, અભિનંદન.

**આજનું નવું ભારત અગાઉની સરકારોની આ ડરેલી વિચારસરણીને પાછળ છોડીને આગળ વધી રહ્યો છે**

મારા પરિવારજનો, ઉત્તરાખંડના દરેક ગામમાં દેશના રક્ષકો છે. અહીંની વીર માતાઓએ વીર પુત્રોને જન્મ આપ્યો છે જેઓ મારા દેશની રક્ષા કરી રહ્યા છે. વન રેન્ક વન પેન્શનની તેમની દાયકાઓ જૂની માગને અમારી જ સરકારે પૂરી કરી છે. અત્યાર સુધી, વન રેન્ક વન પેન્શન હેઠળ, 70 હજાર કરોડ રૂપિયા, તેનાથી પણ વધારે અમારી સરકારે ભૂતપૂર્વ સૈનિકોને આપ્યા છે. ઉત્તરાખંડના 75 હજારથી વધુ ભૂતપૂર્વ સૈનિકોના પરિવારોને પણ આનો લાભ મળ્યો છે. સરહદી વિસ્તારોમાં વિકાસ એ પણ અમારી સરકારની મોટી પ્રાથમિકતા છે. આજે સરહદી વિસ્તારોમાં સુવિધાઓનું નિર્માણ ખૂબ જ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. તમે વિચારતા જ હશો કે તમારી ભૂલ શું હતી... પહેલાંની સરકારોએ આ કામ કેમ ન કર્યું? તે તમારી ભૂલ ન હતી. દુશ્મનો તેનો ફાયદો ઉઠાવીને અંદર ન આવી જાય તેવા ડરથી અગાઉની સરકારોએ સરહદી વિસ્તારોનો વિકાસ કર્યો ન હતો, મને કહો, શું દલીલ આપવામાં આવી હતી? આજનું નવું ભારત અગાઉની સરકારોની આ ડરેલી વિચારસરણીને પાછળ છોડીને આગળ વધી રહ્યો છે. ન તો અમે ડરીએ છીએ અને ન તો અમે ડરાવીએ છીએ.

**છેલ્લાં 9 વર્ષમાં માત્ર સરહદી વિસ્તારોમાં જ 4200 કિલોમીટરથી વધુ લંબાઈના રસ્તાઓ બનાવવામાં આવ્યા છે**

ભારતની આખી સરહદ, જેના પર આપણે આધુનિક રસ્તાઓ બનાવી રહ્યા છીએ, સુરંગો બનાવી રહ્યા છીએ, પુલ બનાવી રહ્યા છીએ. છેલ્લાં 9 વર્ષમાં માત્ર સરહદી વિસ્તારોમાં જ 4200 કિલોમીટરથી વધુ લંબાઈના રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. અમે સરહદના કિનારે લગભગ 250 મોટા પુલ અને 22 સુરંગો પણ બનાવી છે. આજે પણ આ કાર્યક્રમમાં અનેક નવા પુલોનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. હવે અમે બોર્ડર સુધી ટ્રેનો પણ લાવવાની તૈયારી કરી રહ્યા છીએ. આ બદલાયેલી વિચારસરણીનો લાભ ઉત્તરાખંડને પણ મળવા જઈ રહ્યો છે.

મારા પરિવારજનો, અગાઉ સરહદી વિસ્તારો, સરહદી ગામો દેશનાં છેલ્લાં ગામો ગણાતાં હતાં. જે છેલ્લો છે, તે વિકાસના મામલે પણ તેનો નંબર છેલ્લે જ આવતો હતો. આ પણ એક જૂની વિચારસરણી હતી. અમે સરહદી ગામોને છેલ્લાં નહીં પરંતુ દેશનાં પ્રથમ ગામો તરીકે વિકસાવવાનું શરૂ કર્યું છે. વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ હેઠળ, એવી જ રીતે સરહદી ગામોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. અમારો પ્રયાસ છે કે જે લોકો અહીંથી હિજરત કરી ગયા છે તેઓ ફરી પાછા ફરે. અમે ઇચ્છીએ છીએ કે આ ગામોમાં પ્રવાસન વધે અને તીર્થયાત્રાનો વિસ્તાર થાય.

**UDAN યોજના હેઠળ આ સમગ્ર પ્રદેશમાં સસ્તી હવાઈ સેવાઓનું પણ વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે**

સાથીઓ, ઉત્તરાખંડની વધતી જતી કનેક્ટિવિટી અહીંના વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જશે. તમને ચાર ધામ મહાપરિયોજનાથી, બારમાસી રોડથી ઘણી સગવડ થઈ છે. ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તો સમગ્ર વિસ્તારની કાયાકલ્પ થઈ જશે. UDAN યોજના હેઠળ આ સમગ્ર પ્રદેશમાં સસ્તી હવાઈ સેવાઓનું પણ વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. આજે જ બાગેશ્વરથી કનાલીચીના સુધી, ગંગોલીહાટથી અલમોડા સુધી અને ટનકપુર ઘાટથી પિથોરાગઢ સુધીના રસ્તાઓનું કામ શરૂ થઈ ગયું છે. આનાથી સામાન્ય લોકોને સુવિધા તો મળશે જ પરંતુ પ્રવાસનમાંથી કમાણીની તકો પણ વધશે. મને ખુશી છે કે અહીંની સરકાર હોમસ્ટેને પ્રોત્સાહિત કરી રહી છે. પર્યટન એક એવું ક્ષેત્ર છે જ્યાં મહત્તમ રોજગાર છે અને ઓછામાં ઓછી મૂડીની જરૂર હોય છે. આગામી સમયમાં તો પ્રવાસન ક્ષેત્ર ઘણું વિસ્તરવા જઈ રહ્યું છે. કારણ કે આખી દુનિયા આજે ભારત આવવા માગે છે. ભારત જોવા માગે છે. ભારતને જાણવા માગે છે. અને જે ભારત જોવા ઇચ્છે છે તે ઉત્તરાખંડ આવ્યા વિના, ભારત જોવું એનું પૂરું નથી થતું.

ભારત માતા કી જય!

ભારત માતા કી જય!

ભારત માતા કી જય!



# કુશળ યુવાનો માટે સમગ્ર વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



કૌશલ્ય વિકાસનો આ ઉત્સવ પોતાનામાં અનોખો છે. દેશભરની કૌશલ્ય વિકાસ સંસ્થાઓનો આવો સંયુક્ત કૌશલ્ય દીક્ષાંત સમારોહ ખૂબ જ પ્રશંસનીય પહેલ છે. તે આજના ભારતની પ્રાથમિકતાઓને પણ દર્શાવે છે. દેશના હજારો યુવાનો આ ઈવેન્ટમાં ટેકનોલોજીના માધ્યમથી જોડાયેલા છે. હું તમામ યુવાનોને સારા ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવું છું.

### પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ કરોડો યુવાનોને તાલીમ આપવામાં આવી છે

મારા યુવા મિત્રો, દરેક દેશની વિવિધ શક્તિઓ હોય છે, જેમ કે કુદરતી સંસાધનો, ખનિજ સંસાધનો અથવા લાંબા દરિયાકિનારા. પરંતુ આ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે, એક મહત્ત્વપૂર્ણ શક્તિની જરૂર છે, તે છે યુવા શક્તિ. અને આ યુવા શક્તિ જેટલી મજબૂત હશે તેટલો દેશનો વિકાસ થશે અને દેશના સંસાધનોને વધુ ન્યાય મળશે. આજે, ભારત આ વિચારથી તેના યુવાનોને સશક્ત બનાવી રહ્યું છે અને સમગ્ર ઇકોસિસ્ટમમાં અભૂતપૂર્વ સુધારાઓ કરી રહ્યું છે. અને આમાં પણ દેશનો અભિગમ દ્વિપક્ષીય છે. અમે અમારા યુવાનોને કૌશલ્ય અને શિક્ષણ દ્વારા નવી તકોનો લાભ લેવા માટે તૈયાર કરી રહ્યા છીએ. લગભગ 4 દાયકા પછી, અમે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લઈને આવ્યા છીએ. અમે મોટી સંખ્યામાં નવી મેડિકલ કોલેજો, આઈઆઈટી, આઈઆઈએમ અથવા આઈટીઆઈ જેવી કૌશલ્ય વિકાસ સંસ્થાઓ ખોલી છે. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ કરોડો યુવાનોને તાલીમ આપવામાં આવી છે. બીજી તરફ, અમે રોજગારી પૂરી પાડતાં પરંપરાગત ક્ષેત્રોને પણ મજબૂત બનાવી રહ્યા છીએ. અમે નવા ક્ષેત્રોને પણ પ્રોત્સાહન આપી રહ્યા છીએ જે રોજગાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે. આજે ભારત માલની નિકાસ, મોબાઈલ નિકાસ, ઈલેક્ટ્રોનિક નિકાસ, સેવાઓની નિકાસ, સંરક્ષણ નિકાસ અને ઉત્પાદન ક્ષેત્રે નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. અને તે જ સમયે, ભારત તમારા જેવા યુવાનો માટે અવકાશ, સ્ટાર્ટઅપ્સ, ડ્રોન, એનિમેશન, ઇલેક્ટ્રિક વાહનો, સેમિકન્ડક્ટર વગેરે જેવાં ઘણાં ક્ષેત્રોમાં મોટી સંખ્યામાં નવી તકોનું સર્જન કરી રહ્યું છે.

### કુશળ યુવાનો માટે સમગ્ર વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે

મિત્રો, આજે આખી દુનિયા માની રહી છે કે આ સદી ભારતની સદી બનવાની છે. અને તેની પાછળનું મોટું કારણ ભારતની યુવા વસ્તી છે. વિશ્વના ઘણા દેશોમાં વૃદ્ધોની વસ્તી વધી રહી છે ત્યારે ભારત દિવસે ને દિવસે યુવાન થઈ રહ્યું છે. ભારતને આ મોટો ફાયદો છે. કુશળ યુવાનો માટે સમગ્ર વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે. તાજેતરમાં, G20 સમિટમાં વૈશ્વિક કૌશલ્ય મેપિંગ અંગેના ભારતના પ્રસ્તાવને સ્વીકારવામાં આવ્યો છે. આ તમારા જેવા યુવાનો માટે આવનાર સમયમાં વધુ સારી તકો ઊભી કરશે. આપણે દેશ અને દુનિયામાં સર્જાઈ રહેલી કોઈપણ તકને વેડફવી ન જોઈએ. તમારી દરેક જરૂરિયાતમાં ભારત સરકાર તમારી સાથે છે. આપણી અગાઉની સરકારોમાં કૌશલ્ય પર એટલું ધ્યાન આપવામાં આવતું ન હતું. અમારી સરકારે કૌશલ્યનું મહત્ત્વ સમજ્યું અને તેના માટે અલગ મંત્રાલય બનાવ્યું અને અલગ બજેટ આપ્યું. આજે, ભારત તેના યુવાનોના કૌશલ્યોમાં પહેલાં કરતાં વધુ રોકાણ કરી રહ્યું છે. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાએ ગ્રાઉન્ડ લેવલ પર યુવા સાથીઓને ઘણી તાકાત આપી છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં લગભગ 1.5 કરોડ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. હવે ઔદ્યોગિક ક્લસ્ટરોની નજીક નવાં કૌશલ્ય કેન્દ્રો પણ સ્થાપવામાં આવી રહ્યાં છે. આ ઉદ્યોગને તેની જરૂરિયાતો કૌશલ્ય વિકાસ સંસ્થાઓ સાથે શેર કરવામાં સક્ષમ બનાવશે. અને તે મુજબ યુવાનોમાં જરૂરી કૌશલ્યનો વિકાસ કરીને તેમને રોજગાર સાથે જોડવામાં આવશે.



**છેલ્લા 9 વર્ષમાં દેશમાં લગભગ 5 હજાર નવી ITI બનાવવામાં આવી છે. આ સાથે દેશમાં 4 લાખથી વધુ નવી ITI બેઠકોનો ઉમેરો થયો છે**

મિત્રો, તમે એ પણ જાણો છો કે હવે એ સમય નથી કે જો તમે એક કામ શીખી લો, તો તમે તેને જીવનભર કરી શકશો. હવે સ્કિલિંગ, અપસ્કિલિંગ અને રિ-સ્કિલિંગની પેટર્ન છે, જેને આપણે બધાએ અનુસરવાનું છે. માંગ ઝડપથી બદલાઈ રહી છે, નોકરીની પ્રકૃતિ બદલાઈ રહી છે. તદનુસાર, આપણે આપણી કુશળતાને પણ અપગ્રેડ કરતા રહેવું પડશે. તેથી, ઉદ્યોગ, સંશોધન અને કૌશલ્ય વિકાસ સંસ્થાઓ માટે સમય સાથે સુસંગત હોવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. અગાઉ, કયાં કૌશલ્યો નવાં છે અને કઈ હદ સુધી જરૂરી છે તેના પર ઓછું ધ્યાન આપવામાં આવતું હતું. હવે આ સ્થિતિ પણ બદલાઈ રહી છે. છેલ્લાં 9 વર્ષમાં દેશમાં લગભગ 5 હજાર નવી ITI બનાવવામાં આવી છે. આ સાથે દેશમાં 4 લાખથી વધુ નવી ITI બેઠકોનો ઉમેરો થયો છે. આ સંસ્થાઓને મોડલ ITI તરીકે અપગ્રેડ કરવામાં આવી રહી છે. શ્રેષ્ઠ પ્રથાઓ સાથે કાર્યક્ષમ અને ઉચ્ચ ગુણવત્તાવાળી તાલીમ આપવાનો હેતુ છે.

**પીએમ વિશ્વકર્મા યોજના દ્વારા પરંપરાગત કુશળતાને આધુનિક તકનીક અને સાધનો સાથે જોડવામાં આવી રહી છે**

મિત્રો, ભારતમાં કૌશલ્ય વિકાસનો વ્યાપ સતત વધી રહ્યો છે. અમે માત્ર મિકેનિક્સ, એન્જિનિયર્સ, ટેક્નૉલૉજી અથવા અન્ય કોઈપણ સેવા પૂરતા મર્યાદિત નથી. હવે મહિલાઓ સંબંધિત સ્વ-સહાય જૂથો છે. હવે ડ્રોન ટેક્નોલોજી માટે મહિલા સ્વ-સહાય જૂથો તૈયાર કરવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે વિશ્વકર્મા આપણા સાથી છે. આ આપણા જીવનનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. તેમના વિના કોઈ કામ થઈ શકતું નથી. પરંતુ પરંપરાગત રીતે, તેઓ તેમના વડીલો પાસેથી શીખે છે તે કાર્યને આગળ ધપાવે છે. હવે, પીએમ વિશ્વકર્મા યોજના દ્વારા, તેમની પરંપરાગત કુશળતાને આધુનિક તકનીક અને સાધનો સાથે જોડવામાં આવી રહી છે.

**ભારતના વર્ક ફોર્સમાં મહિલાઓની ભાગીદારીમાં અભૂતપૂર્વ વધારો થયો છે**

મારા યુવા સાથીઓ, જેમ જેમ ભારતની અર્થવ્યવસ્થા વિસ્તરી રહી છે, તમારા જેવા યુવાનો માટે નવી સંભાવનાઓ ઊભી થઈ રહી છે. તાજેતરના એક સર્વેમાં સામે આવ્યું છે કે ભારતમાં રોજગાર સર્જન નવી ઊંચાઈએ પહોંચ્યું છે. ભારતમાં બેરોજગારીનો દર 6 વર્ષમાં સૌથી નીચા સ્તરે છે. હું બેરોજગારીની વાત કરું છું. ભારતના ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં બેરોજગારી ઝડપથી ઘટી રહી છે. મતલબ કે વિકાસનો લાભ ગામડાંઓ અને શહેરો બંનેને સમાન રીતે પહોંચી રહ્યો છે. આ એ પણ દર્શાવે છે કે નવી તકો ગામડાંઓ અને શહેરો બંનેમાં સમાન રીતે વધી રહી છે. આ સર્વેમાં બીજી એક ખૂબ જ મહત્ત્વની બાબત છે. સર્વેમાં બહાર આવ્યું છે કે ભારતના વર્ક ફોર્સમાં મહિલાઓની ભાગીદારીમાં અભૂતપૂર્વ વધારો થયો છે. ભારતમાં મહિલા સશક્તિકરણને લઈને પાછલાં વર્ષોમાં શરૂ કરવામાં આવેલી યોજનાઓ અને ઝુંબેશની આ અસર છે.

**આવનારાં વર્ષોમાં ભારત સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા બની રહેશે**

મિત્રો, આંતરરાષ્ટ્રીય સંસ્થા IMF દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ પણ તમામ યુવાનોનો ઉત્સાહ વધારવાના છે. IMFએ કહ્યું છે કે આવનારાં વર્ષોમાં પણ ભારત સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા બની રહેશે. તમને યાદ હશે, મેં ભારતને વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં લાવવાની ખાતરી આપી છે. IMFને એ પણ વિશ્વાસ છે કે ભારત આગામી 3-4 વર્ષમાં વિશ્વની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં સામેલ થઈ જશે. આનો અર્થ એ છે કે તમારા માટે નવી તકો ઊભી થશે, તમને રોજગાર અને સ્વ-રોજગારની વધુ તકો મળશે.

મિત્રો, તમારી સામે માત્ર તકો છે. આપણે ભારતને વિશ્વમાં કુશળ માનવશક્તિનું સૌથી મોટું પાવર સેન્ટર બનાવવું છે. આપણે વિશ્વને સ્માર્ટ અને સ્કિલ્ડ મેન-પાવર સોલ્યુશન્સ આપવાના છે. શીખવાની, શીખવવાની અને આગળ વધવાની આ પ્રક્રિયા ચાલુ રાખવી જોઈએ. જીવનના દરેક પગલા પર તમે સફળ થાઓ. આ મારી શુભકામના છે. હું તમારો મારા હૃદયથી આભાર માનું છું અને તમને શુભેચ્છા પાઠવું છું!






# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોને કારણે કચ્છ-ગુજરાતને વૈશ્વિક ટૂરિઝમના નકશામાં આગવું સ્થાન મળ્યું છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે કચ્છમાં શરૂ કરાવેલો રણોત્સવ ધોરડો અને કચ્છના ગ્રામીણ જીવનમાં સામાજિક, આર્થિક-પર્યાવરણીય ઉન્નતિનો મોટો આધાર બન્યો છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ૨૦૦૬થી ધોરડો ખાતે રણોત્સવનો પ્રારંભ કરીને તેને વિશ્વફલક પર પ્રસ્થાપિત કર્યું હતું. આજે 'ધોરડો' આજે પ્રવાસનની વૈશ્વિક ઓળખ બન્યું છે.

આ ઓળખના પરિણામસ્વરૂપે યુનાઇટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટૂરિઝમ દ્વારા વિશ્વના શ્રેષ્ઠ ટૂરિઝમ વિલેજની યાદીમાં સમાવેશ એવોર્ડ 'વર્લ્ડ બેસ્ટ ટૂરિઝમ વિલેજ'નો એનાયત કરવામાં આવ્યો છે.

વિશ્વમાં પ્રવાસનના તોરણ કચ્છનાં સફેદ રણનું ધોરડોને 'વર્લ્ડ બેસ્ટ ટૂરિઝમ વિલેજ' એવોર્ડથી ગુજરાતની ગૌરવસિદ્ધિમાં વધુ એક સીમાચિહ્ન અંકિત થયું છે. ઉઝબેકિસ્તાનના સમરકંદ ખાતે તા. ૧૯ ઓક્ટોબરના રોજ UNWTOના ઉપક્રમે યોજાયેલી 'બેસ્ટ ટૂરિઝમ વિલેજ-૨૦૨૩' એવોર્ડ સેરેમની કાર્યક્રમ દરમિયાન ભારતમાંથી એકમાત્ર ધોરડોને 'બેસ્ટ ટૂરિઝમ વિલેજ'નો એવોર્ડ આપવામાં આવ્યો છે.

યુનાઇટેડ નેશન્સના વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા વર્ષ ૨૦૨૧થી આ એવોર્ડ એનાયત કરવામા આવે છે. UNWTO વૈશ્વિક સ્તરે પ્રવાસન ઉદ્યોગ અને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટને પ્રમોટ કરે છે. આ સન્માન એવા ગામોને આપવામાં આવે છે જે ગ્રામીણ વિસ્તારોના વિકાસ અને લેન્ડસ્કેપ્સ, સાંસ્કૃતિક વિવિધતા, સ્થાનિક મૂલ્યો અને ખાદ્ય પરંપરાઓની જાળવણીમાં અગ્રેસર છે.

UNWTO નામાંકન કરાયેલાં ગામોનું મૂલ્યાંકન સાંસ્કૃતિક અને કુદરતી સંસાધનો, સાંસ્કૃતિક સંસાધનોના પ્રમોશન અને સંરક્ષણ, આર્થિક ટકાઉપણું, સામાજિક સ્થિરતા, પર્યાવરણીય ટકાઉપણું, પ્રવાસન સંભવિત અને વિકાસ અને



મૂલ્ય શૃંખલા એકીકરણ સહિતનાં ૯ ક્ષેત્રોને આવરી લેતા માપદંડોના આધારે સ્વતંત્ર સલાહકાર બોર્ડ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ તમામ ૯ ક્ષેત્રોમાં થયેલી ઉત્તરોત્તર પ્રગતિને કારણે આ એવોર્ડ પ્રાપ્ત થયો છે.

કચ્છના ધોરડોને વર્લ્ડ બેસ્ટ ટૂરિઝમ વિલેજનું ગૌરવ સન્માન મળ્યું તેની પ્રસન્નતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્ત કરીને અભિનંદન પાઠવ્યાં છે. તેમણે ટ્વિટ કરીને જણાવ્યું કે, કચ્છના ધોરડોને તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને કુદરતી સૌંદર્ય તરીકે ઊજવવામાં આવે છે તે જોઈને એકદમ રોમાંચિત છું. આ સન્માન માત્ર ભારતીય પ્રવાસનની ક્ષમતા જ નહીં પરંતુ ખાસ કરીને કચ્છના લોકોનું સમર્પણ પણ દર્શાવે છે. ધોરડો સતત ચમકતું રહે અને વિશ્વભરના મુલાકાતીઓને આકર્ષતું રહે એવી લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ ૨૦૦૯ અને ૨૦૧૫માં તેમણે લીધેલી ધોરડોની મુલાકાતોની કેટલીક તસવીરો શેર કરી હતી. તેમજ બીજા લોકોને ધોરડોની મુલાકાત લેવા પ્રેરણા મળે તે માટે લોકોને તેમની ધોરડોની જૂની મુલાકાતોની યાદો #AmazingDhordoનો ઉપયોગ કરી શેર કરવા આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ આ સિદ્ધિ બદલ ટ્વીટ કરીને કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી કચ્છના ધોરડોમાં રણોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે આજે ગુજરાતને અને કચ્છને વૈશ્વિક ટૂરિઝમના નકશામાં આગવું સ્થાન મળ્યું છે તે ગુજરાત માટે આનંદની વાત છે.

તેમણે જણાવ્યું કે, ગ્રામ્ય વિસ્તારોના વિકાસ, પ્રાકૃતિક સ્થળોની જાળવણી, સાંસ્કૃતિક વૈવિધ્યતા, સ્થાનિક મૂલ્યો, ભોજનપરંપરા જેવા વિવિધ માપદંડોને ધ્યાને રાખીને ધોરડોની પસંદગી કરવામાં આવી છે. વિશ્વભરના પ્રવાસીઓ અહીં આવીને "વસુધૈવ કુટુમ્બકમ્"નો મંત્ર સાકાર કરી રહ્યા છે. આ સિદ્ધિ બદલ ગુજરાત પ્રવાસન વિભાગ અને લાખો ગુજરાતીઓને પણ મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કચ્છનું ધોરડો માત્ર પ્રવાસન જ નહીં પણ રાષ્ટ્રીય સ્તરે વહીવટી તંત્ર માટે તાલીમનું કેન્દ્ર પણ બન્યું છે. ધોરડોમાં રણોત્સવ ઉપરાંત લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એડ્મિનિસ્ટ્રેશન એકેડમી-LBSNAAના ઓફિસરોની તાલીમ, G-20ની પ્રવાસન બેઠક, વિવિધ ચિંતન શિબિર, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, ઓલ ઇન્ડિયા મિનિસ્ટર્સ કોન્ફરન્સ, ઓલ ઇન્ડિયા DG/IG સમિટ તેમજ વિવિધ મહાનુભાવો સહિત રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર પ્રસ્થાપિત થયું છે.

ધોરડોના રણોત્સવમાં વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજે ૨.૪૨ લાખથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા હતા, જેના પરિણામે સ્થાનિકોને રોજગારી આપવામાં ધોરડો મહત્ત્વનું પ્રવાસનધામ સાબિત થયું છે. આ એવોર્ડ પ્રાપ્ત થવાથી હવે ધોરડો વધુ ને વધુ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે, જેથી રોજગારીમાં વધારો થશે તેમ મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કરીને આ સિદ્ધિ બદલ પ્રવાસન વિભાગના કર્મયોગીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. ગુજરાત સરકારે ધોરડોને વૈશ્વિક પ્રવાસન સ્થળ તરીકે સ્થાપિત કરવા માટે સતત કામ કર્યું છે. રાજ્ય સરકાર દર વર્ષે અહીં રણોત્સવનું પણ આયોજન કરે છે જે ૪ મહિના સુધી ચાલે છે. રણોત્સવ એ ભારત અને વિદેશના પ્રવાસીઓમાં ખૂબ જ પ્રિય પ્રસંગ છે, જ્યાં વિશ્વભરના લોકો ધોરડો અને તેની આસપાસના કુદરતી સૌંદર્યને વર્ષ ૨૦૦૬થી રેકોર્ડ સ્તરે માણવા આવે છે. એટલું જ નહીં, રણ ઉત્સવ એ ધોરડોની સૌથી વધુ આવક પેદા કરતી આર્થિક પ્રવૃત્તિઓમાંની એક છે.

ભારતના પશ્ચિમ ખૂણામાં કચ્છના રણમાં આવેલું ધોરડો એ વિશ્વના સૌથી રસપ્રદ કુદરતી સ્થળોમાંનું એક છે. થાર રણમાં હાજર વિશાળ સોલ્ટ માર્શ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષક દૃશ્ય પ્રદાન કરે છે.

આગાઉ વર્ષ ૨૦૧૭-૧૮માં રાષ્ટ્રીય સ્તરે મોસ્ટ રિસ્પોન્સિબલ ટુરિઝમ પ્રોજેક્ટ ઇનિશિયેટિવ માટે કચ્છના ધોરડોની પસંદગી કરીને એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આવા મહત્ત્વના સમયે ગુજરાતને મળેલું આ આંતરરાષ્ટ્રીય સન્માન આગામી વાઈબ્રન્ટ સમિટમાં પ્રવાસન ક્ષેત્રે રોકાણ અને રોજગારીની અપાર સંભાવનાઓને ચોક્કસપણે પ્રેરણા આપશે.



**સુરેન્દ્રનગર જિલ્લા કાર્યાલયનું ઉદ્‌ઘાટન રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલજીના વરદ હસ્તે કરવામાં આવ્યું**

# કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજના છેવાડાના માનવી સુધી કેવી રીતે પહોંચાડવી તેનું માર્ગદર્શન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સતત કાર્યકર્તાઓને આપતા રહે છે – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



ગુજરાતમાં દરેક જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયનો સંકલ્પ દેશના ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે આપ્યો હતો તે સંકલ્પને પેજ સમિતિના પ્રણેતા અને કાર્યકરોમાં સતત ઊર્જાનો સંચાર કરનાર તેમજ કાર્યકર્તાઓમાં ખૂબ લોકપ્રિય એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજીના નેતૃત્વમાં દરેક જિલ્લામાં કાર્યાલયનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે આજ રોજ ઝાલાવાડની ધીંગી ધરા સુરેન્દ્રનગર ખાતે શ્રી કમલમ્ કાર્યાલયનું ઉદ્‌ઘાટન રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જિલ્લાના પ્રમુખશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણે પ્રાસંગિક સંબોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું કે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે. મૂઠીભર કાર્યકર્તાઓથી શરૂ થયેલ પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે. કાશ્મિરથી કન્યાકુમારી અને કચ્છથી કટક સુધી ભાજપનો વ્યાપ વધ્યો છે. ભાજપના હમેશા બે ઉદેશ રહ્યા છે કે મા ભારત ને પરમ વૈભવ પર લઈ જવી અને સમાજના છેવાડાના માનવીને પણ લાભ પહોંચાડવો જે આજે ભાજપના કાર્યકરો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પૂર્ણ કરી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાના છેવાડાના માનવી સુધ કેવી રીતે પહોંચાડવી તેનુ માર્ગર્શન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. આજે વિશ્વના નેતાઓ પણ ભારતની વાતને સાંભળે છે તે સન્માન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મળ્યુ છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકાર અને સંગઠન માટે નવી પ્રણાલી સ્થાપી છે. સરકાર અને સંગઠન સાથે મળી લોક સેવા કેવી રીતે કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે. કાર્યાલયના ઉદ્‌ઘાટન બદલ જિલ્લાના કાર્યકરો અને હોદ્દેદારશ્રીઓને અભિનંદન.

**આજે આખા દેશના તમામ જિલ્લાના કાર્યકર્તાઓને કાર્યાલયનું મોડલ જોવું હોય તો તે સુરેન્દ્રનગર જિલ્લા કાર્યાલય જોવા આવવું પડે તેવી વ્યવસ્થા છે – સી. આર. પાટીલ**

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે કાર્યકર્તાઓને ઊર્જાનો સંચાર કરતું સંબોધન કરતા જણાવ્યું કે, કાર્યાલય કાર્યકર્તાઓને ચોક્કસ સ્થળે ભેગા થવાનું સ્થળ છે. આજે આખા દેશના તમામ જિલ્લાના કાર્યકર્તાઓને કાર્યાલયનું મોડલ જોવું હોય તો તે સુરેન્દ્રનગર જિલ્લા કાર્યાલય જોવા આવવું પડે તેવી વ્યવસ્થા છે. જિલ્લાનું ખૂબ સરસ કાર્યાલય બનાવવા બદલ જિલ્લાના સૌ કાર્યકરોને કોટી કોટી વંદન. ભાજપના કાર્યકરો ડેટાબેસનો ઉપયોગ કરીને રણનીતિ તૈયાર કરતા



# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટૂંક સમયમાં દેશની ઈકોનોમી વિશ્વમાં ત્રીજા ક્રમે હશે - શ્રી સી. આર. પાટીલ



મોરબી ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના વરદ હસ્તે જિલ્લા કાર્યાલય શ્રી કમલમ્‌નું ખાતુમુહૂર્ત નવરાત્રીના પાંચમા નોરતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે સંબોધન કરતાં જણાવ્યું કે, હું આજે એક એવા શહેરમાં છું કે જેના કાર્યકર્તાઓને કેપિટલ કાર્યકર્તા ગણવા પડે. ગુજરાત ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તાએ દરેકને પહેલા મોટા અક્ષરે લખવો પડે તે ગુજરાત ભાજપાનો કાર્યકર્તા છે. આજે મોરબી જિલ્લામાં કાર્યાલય બની રહ્યું છે એટલે સિરામીક શહેરને અભિનંદન પાઠવું છું. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે પહેલી વાર વડાપ્રધાન બન્યા ત્યારે વિદેશપ્રવાસમાં કહ્યુ હતું કે મારા દેશની ઈકોનોમી 10માં નંબરે છે,બીજી ટર્મમાં કહ્યુ કે,મારા દેશની ઈકોનોમી 5મા નંબરે છે, અને હવે તેમણે ખાતરી આપી છે કે મારી ત્રીજી ટર્મમાં દેશની ઈકોનોમી વિશ્વમાં ત્રીજા ક્રમે હશે.

શ્રી પાટીલે મોરબીનો ડેમ તૂટ્યો અને ઘણા લોકો મૃત્યુ પામ્યા હતા તે ઘટનાને યાદ કરતા જણાવ્યું હતું કે મોરબીની સ્થિતિ તે સમયે એવી હતી કે લોકો વિચારતા કે મોરબી આ ઘટનાથી આગળ નીકળી પાછું ધમધમતું કેવી રીતે કરવું. મોરબીના લોકોએ આજે દેશ અને દુનિયાને બતાવી દીધુ કે મોરબી સિરામીક ઇન્ડ્સ્ટ્રીમાં પહેલા નંબરે છે. આદરણીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જ્યારે દેશના જિલ્લાઓમાં કાર્યાલય બનાવવાની હાકલ કરી ત્યારથી આજે દેશના દરેક જિલ્લામાં કાર્યાલય બની રહ્યાં છે જેમાં ગુજરાત મોખરે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારીની યોજનાઓ લોકો સુધી પહોંચાડી શકાય તેના માટે કાર્યાલયનું માધ્યમ અંત્યત ઉપયોગી છે. આવનાર લોકસભા ચૂંટણીમાંમાં ત્રીજી વખત 26માંથી 26 બેઠકો જીતવાના જ છીએ પણ આ વખતે પાંચ લાખની લીડથી દરેક બેઠક જીતવા સંકલ્પ કરવાનો છે.

હોય છે એટલે કાર્યકર્તાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. કાર્યાલયનું ભવ્ય નિર્માણ જિલ્લાના પૂર્વ પ્રમુખશ્રીઓ, સંગઠનના હોદ્દેદારશ્રીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિત કાર્યકર્તાઓના કારણે શક્ય બન્યું છે. કાર્યકર્તાઓ દ્વારા કાર્યાલયનું નિર્માણ થવાની વાતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિધાનસભાની ચૂંટણીમાં મારો ટાર્ગેટ 182 બેઠકો જીતવાનો હતો. મને કાર્યકર્તાઓ પર ભરોસો હતો. આપણે થોડા થોડા મતે અમુક બેઠકો ગુમાવી છે જેનું દુ:ખ છે. આપણે અંદાજે 20 બેઠકો પાંચ હજારથી ઓછા માર્જીનથી હાર્યા છીએ એટલે જો આ કચાશ ન રહી હોત તો 176 બેઠકો મળી જાત.

તેમણે વધુમાં જણાવ્યું કે, લોકસભાની 26 બેઠકોમાં દરેક ઉમેદવાર પાંચ લાખથી વધુની લીડથી જીતે તેવો સંકલ્પ કરીએ. પાંચ લાખની લીડ ભાજપના કાર્યકરો ધારે તો મોટી વાત નથી. દરેક કાર્યકર્તાઓને તક મળવી જોઈએ એટલે આપણે 60 વર્ષ ઉપરના કાર્યકર્તાને કોર્પોરેશન કે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ટિકિટ નહોતી આપી. ત્રણ ટર્મ જીતેલા કાર્યકરોને રીપિટ નહોત કર્યા. નવા કાર્યકર્તાઓને તક મળે તેના કારણે આ પક્ષે નિર્ણય કર્યો જેનાથી સાબિત થયું કે ભાજપમાં દરેક કાર્યકર્તાને ન્યાય મળે છે. ભાજપમાં દરેક કાર્યકર્તા સમજે છે કે આપણુ બુથ મજબૂત હશે તો જ પાર્ટી જવાબદારી આપશે. કાર્યકરો પાર્ટી તરફથી જે પણ નિર્ણય થાય છે તેને વધાવી લે છે તે બદલ દરેક કાર્યકર્તાને વંદન.



# એશિયન ગેમ્સમાં ભારતનું અત્યાર સુધીનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



ભારતે ચીનના હાંગઝોઉ શહેરમાં તાજેતરમાં પૂર્ણ થયેલી 19મી એશિયન ગેમ્સ માટે 'આ વખતે સૌ પાર'ના નારા સાથે તેના અભિયાનની શરૂઆત કરી હતી. ભારતીય ટુકડીએ માત્ર સફળતાપૂર્વક ટાર્ગેટ પાર કર્યો એટલું જ નહીં પરંતુ 28 ગોલ્ડ, 38 સિલ્વર અને 41 બ્રોન્ઝ સહિત કુલ 107 મેડલ જીત્યા. આ ભારતીય ટુકડીનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું અને 2018માં જકાર્તા એશિયન ગેમ્સમાં જીતેલા કુલ 70 મેડલ (અત્યાર સુધીના સૌથી વધુ)માંથી એક વિશાળ જમ્પ હતો. શૂટિંગથી લઈને કેનોઈંગ સુધી, ભારતીય ખેલાડીઓએ કુલ 22 ઈવેન્ટમાં મેડલ જીત્યા.

ટુકડીને સંબોધતાં, વડા પ્રધાને દરેક નાગરિક વતી તેમનું સ્વાગત કર્યું અને તેમની સફળતા માટે અભિનંદન આપ્યાં. આ એક સુખદ સંયોગ હોવાનું યાદ કરતાં શ્રી મોદીએ કહ્યું કે એશિયન ગેમ્સનું ઉદ્ઘાટન આ જ સ્ટેડિયમમાં 1951માં થયું હતું. વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે રમતવીરોએ બતાવેલી હિંમત અને નિશ્ચયે દેશના દરેક ખૂણાને ઉજવણીના વાતાવરણમાં ફેરવી દીધું છે. 100થી વધુ મેડલના લક્ષ્યને હાંસલ કરવા માટે કરવામાં આવેલી સખત મહેનતની નોંધ લેતાં શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સમગ્ર દેશ ગર્વની લાગણી અનુભવી રહ્યો છે.

## ઐતિહાસિક સિદ્ધિ - જગત પ્રકાશ નડ્ડાજી

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીએ કહ્યું કે આપણા ખેલાડીઓએ આ રમતોમાં તેમનો જુસ્સો, કૌશલ્ય અને સમર્પણ દર્શાવ્યું છે, જેના પરિણામે ભારતનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. રાષ્ટ્રને ગૌરવ અપાવવાની તેમની પ્રતિબદ્ધતા અનુકરણીય છે. આ ઐતિહાસિક સિદ્ધિ છેલ્લાં 9 વર્ષમાં આપણા રમતગમત ક્ષેત્રને વડાપ્રધાન મોદીજી દ્વારા પ્રદાન કરવામાં આવેલ અખૂટ સમર્થન અને માર્ગદર્શનનું પરિણામ છે. આજે, અમે અમારી સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવામાં ઝડપી પ્રગતિ કરી રહ્યા છીએ અને આપણા રમતવીરો વિશ્વમંચ પર પોતાનું નામ બનાવી રહ્યા છે.**

શ્રી મોદીએ આ કેનવાસને વિસ્તારવાની વાત કરી, કારણ કે ભારતે લગભગ તમામ રમતોમાં મેડલ જીત્યા, જેમાં દેશે ભાગ લીધો હતો. એવી ઓછામાં ઓછી 20 ઈવેન્ટ હતી જેમાં ભારત ક્યારેય પોડિયમ પર સમાપ્ત કરી શક્યું ન હતું. તેમણે કહ્યું કે તમે માત્ર ખાતું જ ખોલ્યું નથી, પરંતુ એક એવો રસ્તો પણ ખોલ્યો છે જે યુવા પેઢીને પ્રેરણા આપશે. આ એશિયન ગેમ્સ પર નિર્માણ કરશે અને ઓલિમ્પિક તરફ અમારી કૂચમાં નવો આત્મવિશ્વાસ આપશે.

